જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૨૪/૦૧/૨૦૨૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૧૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૯૩ લીટર દેશી દારૂ, ૨૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૮૬૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩.૧૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૧૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૧૪/૨૦૨૫**

**ક્રાઈમ બ્રાન્ચઃ** જીતેન્દ્રભાઇ શાંતીલાલ પુગલીયા (ઉં.વ.૩૨) (રહે. કર્ણાવતી એપાર્ટમેન્ટ સુર્યા સીટી મણીનગર) એ તા.૨૩/૦૧/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૩/૨૦૨૨ થી તા.૦૯/૧૧/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન ખોખરા ગાયત્રીડેરીની બાજુમાં અનુપમ સિનેમા સામે દુકાન નં.૨૫ ન્યુ ગ્રેઈન માર્કેટ ખાતેથી “સામંગા ક્લોથીંગ એલ.એલ.પી” ના ભાગીદારો (૧) જીતેન્દ્ર શ્રીરામ પરમાર (૨) દેવેન્દ્ર હરચંદરામ પુરોહિત (ઠેકાણું. બ્લોક એફ, ૧૧૮,પહેલો માળ,સીટી સેન્ટર–૧ ઇદગાહ સર્કલ અસારવા) તથા “પ્રતીક એપરલ્સ” ના (૩) પ્રતીક હિરાલાલ પઢીયાર (ઠેકાણું. ઈ–૩ ફસ્ટ ફલોર માધુપુરા મહાજન માર્કેટ શાહીબાગ) તથા દલાલ નંબર (૪) બચ્ચનસીંગ ઓ.રાજપુત (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર ચાર રસ્તા બાપુનગર) (૫) વિજયસીંગ પુરોહિત (રહે. શુભ વાસ્તુ હાઇટસ ગોદરેજ ગાર્ડન પાસે જગતપુર રોડ ગોતા) (૬) સમરથલાલ (રહે–તિલક મેદાન ભુમિ એપાર્ટમેન્ટ રામજીની પોળ ગોમતીપુર) (૭) ખેતારામ મેઘવાલ (રહે– આર્યમાન હાઇટસ નારોલ કર્ણાવતી–૪ પાસે ડિવાઇન સ્કુલ નજીક નારોલ) (૮) રતનસીંગ હુકમસીંગ દેવાલ (ઠેકાણુ–૨૩૦ સેકન્ડ ફ્લોર ન્યુ ક્લોથ માર્કેટ રાયપુર (૯) જીતેન્દ્ર મણીલાલ શાહ (રહે. ગુરૂકુળ મેમનગર) તથા (૧૦) શંકરલાલ બાબુજી પ્રજાપતી (રહે– દેવનંદન પાર્ક સોસાયટી ધૈર્ય ફ્લેટ પાછળ ઈસનપુર) એ ભેગા મળી જીતેન્દ્રભાઇ પુગલીયા તેમજ સાહેદ વેપારીઓ પાસેથી શુટીંગ–શર્ટીંગ કાપડનો માલ કુલ કિમત રૂપિયા ૩,૪૧,૭૬,૧૨૫/– ઉધારમાં ખરીદ કરી લઈ જઈ માલનુ પેમેન્ટ ૩૦ થી ૯૦ દિવસમાં ચુકવવાની ખાતરી આપી ટુકડે–ટુકડે રૂપિયા ૧,૩૮,૧૦,૧૪૨/– ચુકવી, બાકી નિકળતા રૂપિયા ૨,૦૩,૬૫,૯૮૩/– નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ ન્યુ કલોથ માર્કેટ વિંગ આર્થીક ગુના નિવારણ શાખા પો.સ.ઈ.શ્રી આર.જી.દેસાઇ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૫/૨૦૨૫**

**અમરાઈવાડીઃ** વૈશાલીબહેન વા/ઓ પ્રશાંતભાઇ પંડયા (ઉ.વ.૪૧) (રહે. આરાધના સોસાયટી પુર્વદિપ સ્કુલ સામે જોગેશ્વરી રોડ હાટકેશ્વર અમરાઈવાડી) તા.૨૩/૦૧/૨૦૨૫ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે અમરાઈવાડી આરાધના સોસાયટીમાં ગેટની અંદર જવાના રસ્તામાં આવેલ જાગૃતિનગર સોસાયટી નજીક એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વૈશાલીબહેન પંડયાના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વૈશાલીબહેન પંડયાએ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એસ.મિયાત્રા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેકટર,

કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી